# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૪ તા.૧૨-૦૮-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- સ્વાતંત્ર્ય દિન, ૧૫ ઓગષ્ટ- ૨૦૨૧ની ઉજવણી કરવા બાબત.

સંદર્ભઃ- ગુજરાત સરકાર સામાન્ય વહીવટ વિભાગ, પરિપત્ર ક્રમાંક : સદઉ-૧૦૨૦૨૧-૩૭૭-ઘ- સચિવાલય, ગાંધીનગર તારીખ ૧૦-૦૮-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આગામી સ્વાતંત્ર્ય દિન નિમિત્તે તા.૧૫ મી ઓગષ્ટ, ૨૦૨૧ રવિવારના રોજ આ સાથે સામેલ સંદર્ભિત ગુજરાત સરકાર સામાન્ય વહીવટ વિભાગ, પરિપત્ર મુજબ **શાળાકક્ષાએ સવારે ૯-૦૦ કલાક પછી સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવા જણાવવામાં આવે છે.** ઉજવણી દરમ્યાન કોવિડ-૧૯ ગાઈડ લાઈનનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૨-૦૮-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

<u>સ્વાતંત્ર્ય દિન, ૧૫ ઓગસ્ટ, ૨૦૨૧ની ઉજવણી કરવા બાબત.</u>

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ સદઉ-૧૦૨૦૨૧-૩૭૭-ઘ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૦/૦૮/૨૦૨૧

*<u>વંચાણે લીધા</u>*

(૧) ભારત સરકારના ગૃહ મંત્રાલયનો તા.૦૩/૦૮/૨૦૨૧નો પત્ર નંબર *:* **2/6//2021-Public**

*<u>પ રિ પ ત્ર</u>*

<u>૨.</u> સમગ્ર દેશમાં દર વર્ષે રાષ્ટ્રીય પર્વોની ઉજવણી ખુબ જ ભવ્યતા, અને ઉત્સાહથી કરવામાં આવે છે. આ વર્ષે પણ સ્વાતંત્ર્ય દિન, ૧૫ ઓગસ્ટ ૨૦૨૧ની ઉજવણી આટલી જ ભવ્યતા અને ઉત્સાહથી કરવામાં આવશે. હાલમાં, નોવેલ કોરોના વાઇરસ(Covid-19)ના રોગચાળાનો પ્રસાર વ્યાપક પ્રમાણમાં થયેલ છે. COVID-19ના સંક્રમણનો ફેલાવો ન થાય તે માટે કેટલાંક નિવારક પગલાના ભાગરૂપે સોશિયલ ડીસ્ટંસીંગ જાળવવા, માસ્ક પહેરવા, યોગ્ય સેનિટાઇઝેશન, બહોળી સંખ્યામાં લોકો એકત્રિત ન કરવા, જોખમ જણાય તેવા લોકોની સુરક્ષા કરવી વગેરે બાબતો અંગે ભારત સરકારના ગૃહ મંત્રાલય અને સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા આપવામાં આવેલ Covid-19 અંગેની માર્ગદર્શક સૂચનાઓનું પાલન કરવાનું રહે છે. અને તેને ધ્યાને લઇને સ્વાતંત્ર્ય દિન ૨૦૨૧ની ઉજવણી કરવાની રહે છે. સ્વાતંત્ર્ય દિન ૨૦૨૧ની ઉજવણીમાં વધુ સંખ્યામાં લોકો એકત્રિત ન થાય અને ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ થકી રાજ્યકક્ષાએ, જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ તથા ગ્રામ પંચાયતોમાં ઉજવણી કરવાની રહેશે. આ માટે ભારત સરકારશ્રીએ વંચાણે લીધેલ પત્રથી જરૂરી સૂચનાઓ પણ આપેલ છે. આગામી સ્વાતંત્ર્ય દિન, ૧૫ ઓગસ્ટ ૨૦૨૧ની ઉજવણી સંદર્ભે ઉપર જણાવ્યા મુજબની મર્યાદાઓ અને નિવારક પગલાંઓ ધ્યાને લેવાનાં રહેશે.

<u>3.</u> રાજ્યકક્ષાએ, જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ તથા ગ્રામ પંચાયતોમાં સ્વાતંત્ર્ય દિન ૨૦૨૧ની ઉજવણી નીચે જણાવ્યા પ્રમાણે કરવાની રહેશે.

❖ <u>રાજ્ય કક્ષા</u>

(1) માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા જૂનાગઢ ખાતે રાષ્ટ્ર ધ્વજ ફરકાવવામાં આવશે (૦૯:૦૦ કલાકે); રાષ્ટ્ર ગાન વગાડવામાં આવશે; પેરા મીલીટરી ફોર્સ, હોમ ગાર્ડ, NCC, Scouts વગેરે સહિત પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવશે; માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા ઉદ્‌બોધન કરવામાં આવશે; રાષ્ટ્ર ગાન ગાવામાં આવશે.

(2) COVID – 19ની મહામારી નિવારવા સેવા આપી હોય તેવા આરોગ્ય કર્મી જેવાં કે, ડૉક્ટર્સ, હેલ્થ વર્કર્સ, સેનિટેશન વર્કર્સ વગેરે તેમજ કોરોના સામે ગંભીર પરિસ્થિતિમાંથી મ્હાત આપીને / હરાવીને સાજા થયેલા વ્યક્તિઓને આમંત્રિત કરવાં. આ કાર્યક્રમમાં સ્વાતંત્ર્ય સેનાનીઓને આમંત્રિત કરવાં.

(3) સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ જૂનાગઢ જિલ્લા ખાતેના યોજાનાર એટહોમ કાર્યક્રમાં જૂનાગઢ શહેર અને જૂનાગઢ જિલ્લાના આશરે ૪૦૦ જેટલા મહાનુભાવો / અગ્રગણ્ય નાગરિકોને આમંત્રિત કરવાં.

(4) સ્વાતંત્ર્ય દિન ૨૦૨૧ની ઉજવણીના ભાગરૂપે તા.૧૪/૦૮/૨૦૨૧ના રોજ જૂનાગઢ ખાતે રાજ્યકક્ષાના સાંસ્કૃતિક કાર્યકમનું આયોજન કરવાનું રહેશે. આ કાર્યક્રમમાં આમંત્રિતોની સંખ્યા ૧૦૦૦ (એક હજાર)ની મર્યાદામાં રાખવાની રહેશે. રાજયકક્ષાના સાંસ્કૃતિક કાર્યકમનું જીવંત પ્રસારણ તાલુકાકક્ષાએ આયોજિત થતાં સાંસ્કૃતિક કાર્યક્રમાં કરવાનું રહેશે.

❖ <u>જિલ્લા કક્ષા</u>

(1) ઉપર જણાવેલ બાબતો સાથોસાથ જિલ્લાકક્ષાએ માન.મંત્રીશ્રી/ જિલ્લા કલેક્ટર દ્વારા <u>જિલ્લાના મુખ્ય મથક</u> ખાતે રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવશે (૦૯:૦૦ કલાક પછી); રાષ્ટ્ર ગાન વગાડવામાં આવશે; પોલીસ દળો, હોમ ગાર્ડ, NCC Scouts વગેરે દ્વારા પરેડ કરવામાં આવશે; માન.મંત્રીશ્રી/ જિલ્લા કલેક્ટર દ્વારા પ્રવચન આપવમાં આવશે; રાષ્ટ્ર ગાન ગાવામાં આવશે.

(2) COVID – 19ની મહામારી નિવારવા સેવા આપી હોય તેવા આરોગ્ય કર્મી જેવાં કે, ડૉક્ટર્સ, હેલ્થ વર્કર્સ, સેનિટેશન વર્કર્સ વગેરે તેમજ કોરોના સામે ગંભીર પરિસ્થિતિમાંથી મ્હાત આપીને / હરાવીને સાજા થયેલા વ્યક્તિઓને આમંત્રિત કરવાં. આ ઉપરાંત જિલ્લાના પ્રતિષ્ઠિત કલાકાર / રમતવીર / અન્ય કોઈ ક્ષેત્રમાં વિશિષ્ઠ પ્રદાન કરેલ હોય તેવા મહાનુભાવોને આમંત્રિત કરવાં. આમંત્રિતોની સંખ્યા ૫૦૦ ની રાખવાની રહેશે.

(3) આ અંગેના મિનિટ ટૂ મિનિટ કાર્યક્રમની નકલ આ સાથે સામેલ છે તે અનુસાર કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.

❖ <u>તાલુકા કક્ષા</u>

(1) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ/ મામલતદાર દ્વારા તાલુકાના મુખ્ય મથક ખાતે રાષ્ટ્ર ધ્વજ ફરકાવવામાં (Flag hoisting) આવશે (૦૯:૦૦ કલાક પછી); રાષ્ટ્ર ગાન વગાડવામાં આવશે; મહાનુભાવ દ્વારા પ્રવચન આપવમાં આવશે; રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવશે (Unfurling of National Flag); રાષ્ટ્ર ગાન ગાવામાં આવશે.

(2) COVID – 19ની મહામારી નિવારવા સેવા આપી હોય તેવા આરોગ્ય કર્મી જેવાં કે, ડૉક્ટર્સ, હેલ્થ વર્કર્સ, સેનિટેશન વર્કર્સ વગેરે તેમજ કોરોના સામે ગંભીર પરિસ્થિતિમાંથી મ્હાત આપીને / હરાવીને સાજા થયેલા વ્યક્તિઓને આમંત્રિત કરવાં. આ ઉપરાંત જિલ્લાના પ્રતિષ્ઠિત કલાકાર / રમતવીર / અન્ય કોઈ ક્ષેત્રમાં વિશિષ્ઠ પ્રદાન કરેલ હોય તેવા મહાનુભાવોને આમંત્રિત કરવાં. આમંત્રિતોની સંખ્યા ૫૦૦ ની રાખવાની રહેશે.

(3) આ અંગેના મિનિટ ટૂ મિનિટ કાર્યક્રમની નકલ આ સાથે સામેલ છે તે અનુસાર કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.

(4) સ્વાતંત્ર્ય દિન ૨૦૨૧ની ઉજવણીના ભાગરૂપે તા.૧૪/૦૮/૨૦૨૧ના રોજ સાંજે ૦૬:૦૦ વાગ્યે તાલુકાકક્ષાએ 30 મિનિટના સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે. આ અંગે દેશભક્તિની થીમ અધિક મુખ્ય સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા નક્કી કરવામાં આવશે. આ સાંસ્કૃતિક કાર્યક્રમ LED સ્ક્રીન ઉપર પ્રસારીત કરવા તથા કાર્યક્રમ પુરો થયા બાદ જુનાગઢ ખાતે આયોજિત થનાર રાજ્યકક્ષાના સાંસ્કૃતિક કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

❖ <u>ગ્રામ પંચાયત કક્ષા</u>

(1) સરપંચશ્રી દ્વારા રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવશે (૦૯:૦૦ કલાક પછી); રાષ્ટ્ર ગાન વગાડવામાં આવશે; મહાનુભાવ દ્વારા પ્રવચન આપવમાં આવશે; રાષ્ટ્ર ગાન ગાવામાં આવશે.

(2) COVID – 19ની મહામારી નિવારવા સેવા આપી હોય તેવા આરોગ્ય કર્મી જેવાં કે, ડૉક્ટર્સ, હેલ્થ વર્કર્સ, સેનિટેશન વર્કર્સ વગેરે તેમજ કોરોના સામે ગંભીર પરિસ્થિતિમાંથી મ્હાત આપીને / હરાવીને સાજા થયેલા વ્યક્તિઓને આમંત્રિત કરવાં. આ ઉપરાંત જિલ્લાના પ્રતિષ્ઠિત કલાકાર / રમતવીર / અન્ય કોઈ ક્ષેત્રમાં વિશિષ્ઠ પ્રદાન કરેલ હોય તેવા મહાનુભાવોને આમંત્રિત કરવાં. આમંત્રિતોની સંખ્યા ૫૦૦ ની રાખવાની રહેશે.

(3) આ અંગેના મિનિટ ટૂ મિનિટ કાર્યક્રમની નકલ આ સાથે સામેલ છે તે અનુસાર કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.

<u>૪.</u> દરેક કાર્યક્રમમાં COVID – 19ની મહામારી સબંધિત સરકારશ્રીની વખતોવખતની ગાઇડલાઇનનું સંપૂર્ણ પાલન થાય અને સોશ્યલ ડીસ્ટન્સ જળવાય તેમજ સેનિટાઇઝેશન અને માસ્ક પહેરવાનું ફરજિયાત રાખવાનું રહેશે. આ અંગેની વ્યવસ્થા સંબંધિત જિલ્લા કલેક્ટરશ્રીએ ગોઠવવાની રહેશે.

<u>૫.</u> આઝાદીની ચળવળ સાથે જોડાયેલ ઐતિહાસિક મહત્વના સ્થળો પર પોલીસ / મીલીટરી બેન્ડનું રેકોર્ડિંગ કરવાનું રહેશે. આ રેકોર્ડ કરેલ ધૂન ડીજીટલ મીડિયા / મોટી સ્ક્રીન દ્વારા જાહેર કાર્યક્રમો દરમ્યાન તથા સોશિયલ મીડિયા ઉપર બતાવવાના રહેશે.

<u>૬.</u> આ દિવસના અન્ય કાર્યક્રમોમાં વૃક્ષા રોપણ, આંતર શાળાકીય – આંતર કોલેજ અંતર્ગત ડીઝીટલ માધ્યમથી ચર્ચા, ઓનલાઇન ક્વીઝ / દેશભક્તિ વિષય પર નિબંધ – કવિતા લેખન સ્પર્ધા, અગત્યની યોજનાઓ જાહેર કરવી, સોશિયલ મીડિયા પર પસંદગી પામેલ છોકરા / છોકરીઓ દ્વારા દેશભક્તિના ગીતો ગાવા,દેશભક્તિ અંગે વક્તવ્ય રજૂ કરવા, સરકારી ઇમારતો પર સજાવટ/રોશની કરવી, થીમ આધારીત વેબિનાર, દેશભક્તિની થીમ આધારીત NSS અને NYKS દ્વારા ઓનલાઇન કેમ્પેઇન ચલાવવા તથા રાજ્ય તરફથી મંજૂરી મળેલ આ પ્રસંગને અનુરૂપ અન્ય પ્રવૃત્તિઓનું આયોજન કરવું. સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવા અંગે અન્ય નવીન રીતો જેવી કે, ડીઝીટલ અને સોશિયલ મીડિયાના માધ્યમથી દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતા અંગેના સંદેશ / ગીતોનો પ્રસાર કરવો, અગત્યની જાહેર ઇમારતો પર રોશની કરવી / સાઉન્ડ શો, લોકો દ્વારા પોતાની અગાશી અને બાલ્કની પર રાષ્ટ્રધ્વજ ફરકાવવો, વગેરે જેવી પ્રવૃત્તિઓ પણ હાથ ધરી શકાય. આ અન્વયે લોકો દ્વારા પ્લાસ્ટિકના રાષ્ટ્રધ્વજનો ઉપયોગ ન કરવામાં આવે તે અંગેની તકેદારી રાખવાની રહેશે.

૭. સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કાર્યક્રમના સ્થળ પર અને સોશિયલ મીડિયાના માધ્યમથી 'આત્મનિર્ભર ભારત' ની થીમ આધારીત પ્રવૃત્તિઓ / સંદેશનો લોકોમાં યોગ્ય રીતે પ્રસાર અને પ્રચાર થાય તે જોવું.

૮. સમગ્ર કાર્યક્રમ COVID-19 અંગેની સમયાંતરે આપવામાં આવેલ માર્ગદર્શિકાઓને અનુસરીને તેમજ રાષ્ટ્રીય પર્વને અનુરૂપ ગરિમાપૂર્ણ રીતે યોજાય તે જોવાનું રહેશે.

૯. ઉપર મુજબની સૂચનાઓનું ચુસ્ત પણે પાલન કરવા આથી સર્વેને જણાવવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

જ.ત્રિ.

**( જ્વલંત ત્રિવેદી )**
અધિક સચિવ (પ્રોટોકોલ)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

**બિડાણ: એનેક્ષર**

પ્રતિ

માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર.
માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર.
માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રી / રાજયકક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી. ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રાર જનરલશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, વિઠ્ઠલભાઇ પટેલ ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, લોકાયુકતનું કાર્યાલય, સેકટર-૧૦-બી, ગાંધીનગર.

પોલીસ મહાનિદેશકશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર
સર્વે પોલીસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય.
સચિવાલયના સર્વે વિભાગો-
**માહિતી નિયામકશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.- અખબારી યાદી તથા ઇલેક્ટ્રોનિક મીડિયામાં બહોળી પ્રસિધ્ધિ આપવાની વિનંતી સહ.**

સર્વે જિલ્લા કલેકટરશ્રી
સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી } પોતાના જિલ્લામાં આ અંગે યોગ્ય પ્રબંધ કરવા.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી

કેન્દ્ર નિયામકશ્રી, આકાશવાણી, અમદાવાદ-૩૮૦ ૦૦૯
કેન્દ્ર નિયામકશ્રી, દૂરદર્શન, અમદાવાદ.